ઈમિગ્રેશનઃ ખબર-અંતર

# નવી આઇ-૯૪ વેબસાઇટની વિશેષતા સીબીપી પ્રવાસીઓને પ્રસ્થાન તારીખની યાદ અપાવે છે


માઇકલ ફુલવાની


ડેવિડ એચ. નાચમેન


લુડકા ઝિમોવચાક

**વોશિંગ્ટનઃ** યુએસ કસ્ટમ્સ એન્ડ બોર્ડર પ્રોટેક્શન (સીબીપી) હવે પ્રવાસીઓને ઈ-મેઈલ દ્વારા અને આઇ-૯૪ વેબસાઈટની નવી વિશેષતાઓ દ્વારા તેઓના આગમનની બાબતો ધ્યાનમાં રાખીને અને તેમની છેલ્લામાં છેલ્લી સંભવિત જવાની તારીખ વિશે યાદ અપાવશે.

શરૂઆતથી જ માન્ય વિઝા વેઈવર પ્રોગ્રામ પ્રવાસીઓ તેઓના આગમનની શરતો મુજબ વધુ રોકાણ કર્યા વગર અમેરિકામાં કેટલું વધારે રોકાણ કરી શકે છે તેની તપાસ કરશે. આઈ-૯૪ વેબસાઈટની વધારે અપડેટ વધારાના બિનવસાહતી પ્રવાસીઓને સહાયરૂપ થશે.

અધિક કમિશનર કેવિન મેકએલીનને કહ્યું હતું કે પ્રવાસીઓ માટે આગમનની શરતો વધારે હોય છે જે તેમના પ્રવાસ-વિઝા-વર્ગીકરણના હેતુ પર આધાર રાખે છે. આ નવી વિશેષતાઓ યુએસ ઈમિગ્રેશન કાયદાઓને ધ્યાનમાં રાખીને અત્યાર સુધી તારીખની ચોક્કસ માહિતી શોધવાનું પ્રવાસીઓ માટે સરળ બનશે. સીબીપી યુનાઈટેડ સ્ટેટ્સમાં આવતા મુલાકાતીઓ અને યુએસ નાગરિકો બન્ને માટે તેઓનો આંતરરાષ્ટ્રીય પ્રવાસનો અનુભવ સુધારવા અને કાયદેસર રીતે પ્રવાસની સુવિધા અપાવવા પ્રતિબદ્ધ છે.

પ્રવાસીઓ પોતાના આગમનથી અત્યારની તારીખ સુધીની માહિતી મેળવવા, પોતાનું નામ, જન્મતારીખ, પાસપોર્ટ નંબર અને કયા દેશે પાસપોર્ટ આપ્યો છે તે જણાવવું પડશે. જો પ્રવાસી પોતાના આગમનથી વધારે રોકાણ કરશે, તો આઈ-૯૪ વેબસાઈટ હવે પછી શું કરવું તેની માહિતી જે તે પ્રવાસીઓને પૂરી પાડશે. 'ઓવરસ્ટે' (વધારે રોકાણ)નો અર્થ એ છે કે કોઈ પણ વ્યક્તિ માન્ય સમયગાળા માટે અમેરિકામાં કાયદેસર રીતે પ્રવેશી હોય, પરંતુ પોતાના આગમમના કાયદેસર સમયગાળા કરતાં વધારે રોકાણ કર્યું હોય.

આગમનનો સમયગાળો પ્રવાસીના આગમનના વર્ગ પર આધારિત હોય છે. દાખલા તરીકે, કાયદેસરના આગમનનો સમયગાળો ફિક્સ હોય છે, જેમ કે કોલેજની ડિગ્રી મેળવવા આવેલો વિદ્યાર્થી.

લેન્ડ પોર્ટ ઓફ એન્ટ્રી પર આવતા પ્રવાસીઓ માટે સપ્ટેમ્બર, ૨૦૧૬માં સીબીપીએ ઓનલાઇન આઇ-૯૪ અરજી અને ચુકવણીનો વિકલ્પ શરૂ કર્યો હતો. પ્રવાસીઓ પોતાની બાયોગ્રાફિક-પ્રવાસની માહિતી પૂરી પાડી શકે છે અને પોતાના આગમનના સાત દિવસ અગાઉ ઓનલાઇન આઇ-૯૪ અરજી માટે છ ડોલરની ફી ભરી શકે છે.

ફોર્મ આઇ-૯૪ બિનવસાહતી નાગરિકો માટે પુરાવો આપે છે કે તેઓ અમેરિકામાં કાયદેસર રીતે પ્રવેશ્યા છે, જે પ્રવાસીની નોંધણી, ઈમિગ્રેશનનો દરજ્જો અને એમ્પ્લોયમેન્ટ ઓથોરાઈઝેશનની ખરાઈ કરવા માટે જરૂરી છે. મે, ૨૦૧૩માં, સીબીપીએ આઇ-૯૪નો એર-સી એન્વાયર્નમેન્ટમાં સમાવેશ કર્યો હતો. આ સ્વયંસંચાલિત પ્રક્રિયા સીબીપી અધિકારીઓને પ્રાઇમરી-સેકન્ડરી ઇન્સ્પેક્શન પ્રોસેસિંગ સિસ્ટમમાં આઇ-૯૪ એરાઇવલ રેકોર્ડ રચવાની મંજૂરી આપે છે.

સીબીપી સરળ અને કાર્યક્ષમ પ્રક્રિયાના અનુભવની ખાતરી આપવા માટે પ્રવાસીઓને પ્રોત્સાહિત કરે છે. પ્રવાસને લગતી માહિતી મેળવવા માટે તમે વેબસાઈટ નિહાળી શકો છોઃ www.cbp.gov

યુએસ કસ્ટમ્સ એન્ડ બોર્ડર પ્રોટેક્શન સરહદી સંસ્થા છે જે ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટીમાં સમાવિષ્ટ છે, જેની પાસે આગમનનાં સત્તાવાર સ્થળો પર દેશની સરહદોનું સંચાલન-અંકુશ-રક્ષણનો હવાલો હોય છે.

link: https:www.dhs.gov/news/ 2017/ 05/31/cbp-reminds-travelers-departure-date-new-i-94-website-feature

આ અંગે વધુ માહિતી માટે તમે અમારા ઈમિગ્રેશન એન્ડ નેશનલિટી લોયર્સ અથવા એટર્નીઝ સાથે વાત કરી શકો છો અથવા નાચમન ફુલવાની ઝિમોવેક (એનપીઝેડ) લો ગ્રુપ, પી. સી.નો ઈ-મેઈલ info@visaserve.com પર સંપર્ક કરી શકો છો અથવા ૨૦૧-૬૭૦-૦૦૦૬ (૧૦૭) પર ફોન કરી શકો છો.